અપીલ અરજી નં.૨૨૩તા.૧૮–૮ –૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી ગણેશભાઈ જયકીશન સોલંકી
સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)

ફરીયાદની હકીકતઃ–

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી ગણેશભાઈ જયકીશન સોલંકીની તા.૨૯–૦૬–૧૧ની અરજીથી મુદ્દા નં. (૧)આપ સાહેબને તા. ૮–૧૦–૦૩ના રોજ ફરીયાદ આપેલ જેના અનુસંધાને કામદારો તથા માલીકનાં લીધેલ નિવેદનની સહી કરેલ નિરીક્ષણ નોંધની સર્ટીફાઈડ નકલ ત્યારબાદ આપેલ અરજીનાં અનુસંધાને તા. ૨૬–૦૭–૦૬ના રોજ જવાબ માંગતી તથા માહિતી માંગતી અરજી આપેલ તેનો આજદિન સુધી જવાબ મળેલ નથી તે અંગેની માહિતી વિ. મુદ્દા નં. (૧) થી (૧૧) ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૧૮–૮–૧૧ ની **SMC/FAP/** નં.૨૨૩/ ૨૦૧૧–૧૨

શ્રી ગણેશભાઈ જયકીશન સોલંકીની તા.૨૯–૦૬–૧૧ની અરજીથી મુદ્દા નં. (૧) આપ સાહેબને તા.૮–૧૦–૦૩ના રોજ ફરીયાદ આપેલ જેના અનુસંધાને કામદારો તથા માલીકનાં લીધેલ નિવેદનની સહી કરેલ નિરીક્ષણ નોંધની સર્ટીફાઈડ નકલ ત્યારબાદ આપેલ અરજીનાં અનુસંધાને તા. ૨૬–૦૭–૦૬ના રોજ જવાબ માંગતી તથા માહિતી માંગતી અરજી આપેલ તેનો આજદિન સુધી જવાબ મળેલ નથી તે અંગેની માહિતી વિ. મુદ્દા નં. (૧) થી (૧૧) ની માહિતી આપવા બાબતે ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) ના પત્ર નં.સી.ઝેડ./એસ એન્ડ ઈ / આઉટવર્ડ/૧૨૭ તા. ૨૮–૭–૧૧ થી મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૮– ૮ –૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા **તથા સાથે રદ થયેલ નોંધણીમાં 'એ' ફોર્મની ઉપલબ્ધી કે 'બી' રજીસ્ટરની હકીકત જણાવવા તથા નવી નોંધણી અંગે 'એ' ફોર્મ –'બી' રજીસ્ટરની વિગત સ્પષ્ટ કરવા તેમજ તકરારી નોટીસ બાદ થયેલ રોજકામ નોંધ વિભાગની નકલ મોકલવા** પત્ર નં.આરટીઆઈ સેલ/૬૮૮ તા.૨૪–૮–૧૧ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી.

અરજદારની તા.૨૯–૬–૧૧ ની અરજીથી ૨૯–૬–૧૧ ની અરજીથી પસ્તી ભંડાર તથા પંકજ પસ્તી ભંડાર ગુમાસ્તાધારા અંગેની વિગતોની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સી.ઝેડ/એસએન્ડઈ/આ.નં.૧૨૭ તા. ૨૮–૭–૧૧ થી નિયત સમય અવધિ બાદ મુદ્દા નં.૧ થી ૧૧ ની માહિતી પૂરી પાડવામાં આવેલ. જેમાં મુદ્દા નં.(૧) આપ સાહેબને તા. ૮–૧૦–૦૩ના રોજ ફરીયાદ આપેલ જેના અનુસંધાને કામદારો તથા માલીકનાં લીધેલ નિવેદનની સહી કરેલ નિરીક્ષણ નોંધની સર્ટીફાઈડ નકલ ત્યારબાદ આપેલ અરજીનાં અનુસંધાને તા. ૨૬–૦૭–૦૬ના રોજ જવાબ માંગતી તથા માહિતી માંગતી અરજી આપેલ તેનો આજદિન સુધી જવાબ મળેલ નથી તે અંગેની માહિતી. તેવા પ્રશ્નબાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી કરતાં આ અંગેના દસ્તાવેજી પુરાવા ઉપલબ્ધ ન હોય વિગત આપી શકાય તેમ નથી. તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૨)આ સંસ્થા –પંકજ પસ્તી ભંડાર તથા નામની ફેરબદલ કરી પસ્તી ભંડારના નામે લાયસન્સ મેળવી એ ફોર્મની નકલ તથા તે સાથે રજૂ કરેલા તમામ જરૂરી દસ્તાવેજની નકલ તથા બંને સંસ્થાના લાયસન્સની વિગત. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી પંકજ પસ્તી ભંડારનું નોંધણી પ્રમાણપત્ર રદ થયેલ હોય જેનો રેકર્ડ ઉપલબ્ધ ન હોય આપી શકાય તેમ નથી. તેવું જણાવેલ છે. મુદ્દા નં.૩ સામાવાળા સંસ્થાના માલીક હાજરીપત્રક પગાર પત્રક હકકરજા રજીસ્ટર ઓળખપત્ર રજીસ્ટર નિભાવે છે કે કેમ? તેની માહિતી –કામદારને ઓળખપત્ર આપવામાં આવે છે કે નહીં વિગેરેની નિરીક્ષણ નોંધનીસર્ટીફાઈડ નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી હાલમાં ચાલતી સંસ્થાના માલિકને નોટીસ આપ્યા બાદ કોઈ પણ જાતના રેકર્ડ રજૂ કરેલ નથી. જે અંગેના રેકર્ડ આપી શકાય તેમ નથી. તેવું જણાવેલ છે. મુદ્દા નં.૪ સંસ્થામાં લાયકાત ધરાવતા કામદારોનું વિમાપત્રક એ રજીસ્ટરની નિરીક્ષક કરેલ બંને સંસ્થાના અલગ અલગ નિરીક્ષણ નોંધની સર્ટીફાઈડ નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી હાલમાં ચાલતી સંસ્થાના માલિકને માલિકને નોટીસ આપ્યા બાદ સદર વીમા પત્રકો રજૂ કરેલ નથી. જે અંગે અદાલતમાં કેસ દાખલ કરેલ છે. તેવું જણાવેલ છે. મુદ્દા નં.૫ બંને સંસ્થામાં કેટલા કામદારોના વ્યવસાય વેરો ભરવામાં આવે છે તેની માહિતી અને તે અંગેના ચલણ તથા અન્ય જરૂરી દસ્તાવેજની સર્ટીફાઈડ નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી વ્યવાસયવેરો બાબતે સંસ્થાનો વ્યવસાયવેરો દફતરી રેકર્ડ જોતાં ૨૦૧૦–૧૧ નો વ્યવસાયવેરો ભરેલ હોવાનું માલુમ પડેલ છે કર્મચારીના વ્યવસાયવેરા અંગેની વિગત સેન્ટ્રલઝોનના દફતરી રેકર્ડ પર ઉપલબ્ધ ન હોવાનું દફતરી રેકર્ડ જોતાં માલુમ પડેલ છે. તેવું જણાવેલ છે. મુદ્દા નં.૬ કામદારોને વાર્ષિક હકરજા –માંદગી તહેવારના રજાઓ ચૂકવતા હતા કે કેમ તે અંગેની નિરીક્ષણ નોંધ તથા કામદારોને હાજરીકાર્ડ–પગાર

સ્લીપ –ઓળખપત્ર આપતા હતા કે કેમ? તે અંગેની માહિતી તથા ચેક કરેલ રજીસ્ટર્ડની માહિતીની સર્ટીફાઈડ નકલ. તેવા પ્રશ્નબાબતે જાહેર માહિતી અધિકારી તરફથી કામદાર હક રજા વિ. બાબતે હાલમાં ચાલતી સંસ્થાના માલિકને નોટીસ આપ્યા બાદ સમય મર્યાદામાં રેકર્ડ રજૂ કરેલ નથી. જેથી સેન્ટ્રલઝોનના સદર રેકર્ડ ઉપલબ્ધ ન હોય આપી શકાય તેમ નથી આ અંગે અદાલતમાં કેસ દાખલ કરવામાં આવેલ છે. તેવું જણાવેલ છે. મુદ્દા નં.૭ સામાવાળા બંને સંસ્થાના માલીકો વીઝીટ બુક રાખે છે કે નહીં તે અંગેની માહિતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સદર ચાલુ સંસ્થાના માલિક ધ્વારા વીઝીટ બુક રાખવામાં આવેલ ન હોય માહિતી ઉપલબ્ધ નથી જેથી આપી શકાય તેમ નથી. આ અંગે અદાલતમાં કેસ દાખલ કરવામાં આવેલ છે. મુદ્દા નં.૮ સામાવાળા બંને સંસ્થા વિરુધ્ધ કયા કયા કાયદાના ભંગ બદલ કેસો કરેલ છે તે કઈ કલમ હાયે કેસ નંબર સાથેની સર્ટીફાઈડ નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ઉપરોકત કેસ અદાલતમાં બોમ્બે શોપ્સ એન્ડ એસ્ટાબ્લીશમેન્ટ એકટ –૧૯૪૮ મુજબ દાખલ કરવામાં આવેલ છે. તેવું જણાવેલ છે પરંતુ નકલ આપેલ જણાતી નથી. મુદ્દા નં.૯ સામાવાળા બંને સંસ્થાએ ગુના બદલ કોણે દંડ ભર્યો છે તેની માહિતી તથા બંને સંસ્થા સામે કોર્ટ કેસના કાગળની સર્ટીફાઈડ નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી આ બાબતે કોર્ટમાં દંડ કોણે ભરેલ છે તે અંગેનો રેકર્ડ જોતાં ઉપલબ્ધ ન હોય આપી શકાય તેમ નથી. તેવું જણાવેલ છે. મુદ્દા નં.૧૦ આપ સાહેબને બંને સંસ્થા વિરુધ્ધ ફરીયાદ આપેલ જેમાં આપની ખાસ અગત્યની નોટીસ મોકલાવેલ તેમાં બંને સંસ્થા તરફે હાજર વ્યકિતઓ તથા કામદારની. જે બંને પક્ષકારોની સહી સિકકાવાળી સર્ટીફાઈડ નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી આ બાબતે સેન્ટ્રલઝોન કક્ષાએથી માલિકને નોટીસ આપયા બાદ સેન્ટ્રલઝોન કચેરીમાં માલિક જાતે કે તેના પ્રતિનિધિ હાજર રહેલ નથી. જે અંગેનો રેકર્ડ ઉપલબ્ધ ન હોય આપી શકાય તેમ નથી. તેવું જણાવેલ છે. મુદ્દા નં.૧૧ અમોએ આપેલ ફરીયાદ ઉપલક્ષ્યમાં માલિક તરફે જો કોઈ વાંધો વિરોધ કરતી અરજી આપી હોય તો કોની સર્ટીફાઈડ નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી આ બાબત અંગેની માલિકને જાણ કર્યા બાદ સેન્ટ્રલઝોનની કચેરીમાં માલિક કે તેના પ્રતિનિધિ હાજર રહેલ નથી ફરીયાદ અંગે કોઈ રેકર્ડ ઉપલબ્ધ ન હોય આપી શકાય તેમ નથી. તેવું જણાવેલ છે. જે બાબતે અરજદારે પત્ર નં.સી.ઝેડ/એસએન્ડઈ/આ.નં.૧૨૭ થી આપેલી માહિતીથી નારાજ થઈ તા.૧૮–૮–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેમાં મુદ્દા નં.ર અંગે અરજદારે પંકજ પસ્તી ભંડાર ખરેખર સાચી હકીકત અને રદ થયેલ નોંધ કયા કારણસર રદ થયેલ છે તેવા કોઈ કારણો અને કયારે રદ થઈ છે તેના ચોકકસ કારણો રદ કરવા આપેલી અરજી તેવી કોઈ વિગતો રેકર્ડ ઉપર ઉપલબ્ધ હોવા છતાં આપેલ નથી. તથા સંસ્થાનું નામ બદલી પસ્તી ભંડાર ચાલુ કર્યુ તે હાલમાં ચાલુ છે તે ફોર્મની નકલ તથા તેના દસ્તાવેજોની નકલ અમોને આપેલી નથી તથા તેવી માહિતી ન આપવાના ચોકકસ કારણો જણાવેલ નથી. જેમાં મુદ્દા નં. ૩ માં બંને સંસ્થાના માલીકો અને કામદારોના હાજરીપત્રક ,પગારપત્રક, હકરજા રજીસ્ટર, ઓળખપત્ર રજીસ્ટર નિભાવે છે કે કેમ? અને તે અંગે નિરીક્ષણ નોંધની નકલ અમોને મળેલ નથી. જે નિરીક્ષણ નોંધ દફતર ઉપલબ્ધ ન હોય તેવા કોઈ ચોકકસ કારણો જણાવેલ નથી. જે મળવી જરૂરી છે. મુદ્દા નં.૧૦ જેમાં અરજદારે નોટીસ સંદર્ભે હાજર રહેલ બંને પક્ષકારોની વિગતે નોંધ લઈ સહી કરાવેલ જેની નકલ જાણીબુઝીને આપેલ નથી જે મળવી જોઈએ અને તે નોંધ ન આપવા માટેના ચોકકસ કારણો જણાવેલ નથી. જેમાં જાહેર માહિતી અધિકારી તરફથી માલીક કે તેમના પ્રતિનિધિ હાજર રહેલ નથી તેવું જણાવેલ છે. વધુમાં અરજદારે પંકજ પસ્તી ભંડાર તથા નામ બદલી પસ્તી ભંડાર બંને સંસ્થા વિરુધ્ધ કાયદાના ભંગ બદલ કઈ કઈ કલમ હેઠળ કેસ કરેલ છે અને તે કેસની વિગતની માહિતી આપેલ નથી. તથા મુદ્દા નં.૧ માં અરજદારે તા.૮–૧૦–૦૩ અને તા.૨૬–૦૭–૦૬ ની કાર્યવાહીની બાબતેની માહિતી નહીં મળ્યાની રજૂઆત કરેલ છે. પરંતુ અરજદારે અપીલમાં કોઈ મુદ્દાવાઈઝ રજૂઆત કરેલ નથી તેમજ તેઓ પાસે હોવા છતાં માહિતી આપેલ નથી તે અંગે કોઈ આધાર પુરાવા રજૂ કરેલ નથી.

જાહેર માહિતી અધિકારી તરફથી મુદ્દા નં.૧ બાબતે અરજદારે તેમની તા.૮–૧૦–૦૩ અને તા.૨૬–૦૭–૦૬ ની આપેલી અરજીની કાર્યવાહીની માહિતી માંગેલ. જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી કોઈ માહિતી પૂરી પાડેલ જણાતી નથી. પરંતુ ફકત કામદારને નોટીસ આપી છુટા કર્યા હોય તેમના દસ્તાવેજ પૂરતી માહિતી રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી. તેવું જણાવેલ છે. આથી તે માહિતી અરજદારને દફતરી ઉપલબ્ધ વિગતે પૂરી પાડવાની થાય. જયારે મુદ્દા નં.ર અંગે પંકજ પસ્તી ભંડારમાંથી પસ્તી ભંડાર નામફેર કરેલ ફોર્મ 'એ' ની માહિતી તથા તેની સાથે જોડેલ દસ્તાવેજી નકલોની માંગણી કરેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી પંકજ પસ્તી ભંડારની નોંધણી પ્રમાણપત્ર રદ થયેલ હોય જે રેકર્ડ ઉપર નથી જે અંગે ફકત પ્રમાણપત્ર બાબતની માહિતી આપેલ છે પરંતુ નામફેર કે પસ્તી ભંડારના નામ બાબતે ભરેલ ફોર્મ 'એ' ની વિગત તથા તેની સાથે જોડેલ દસ્તાવેજોની વિગત અંગે કોઈ વિગત પૂરી પાડેલ જણાતી નથી. જે ઉપલબ્ધ ફોર્મ કે રજીસ્ટરની દફતરી વિગત પૂરી પાડવા જોગ થાય. મુદ્દા નં.૩ માં અરજદારે માંગેલ માહિતીમાં કામદારોના હાજરી પત્રક પગાર પત્રક વિગેરે અંગે માલિક તરફથી નોટી આપ્યા બાદ આવો રેકર્ડ મળેલ નથી તેથી આપી શકાય નહીં તેવી માહિતી અરજદારને ગુમાસ્તા ઈન્સ્પેકટરની નિરીક્ષણ નોંધની માહિતી બાબતે કોઈ વિગતો પૂરી પાડેલ નથી જે દફતરે હોવાનું અનુમાનિત હોઈ દફતરી વિગતે ડાયરી પરથી આપવા જોગ થાય. મુદ્દા નં.૮ બાબતે જાહેર માહિતી અધિકારીએ કયા કાયદા હેઠળ કેસ મુકાયો છે તેની વિગત પૂરી પાડેલ છે પરંતુ કેસ નંબર અને કેસની કલમોની વિગતો જણાવેલ નથી તથા તેની નકલ આપેલ નથી જે આપવી રહે. મુદ્દા નં.૧૦ માં માલિકીની નકલ બાબતે વિગત આપેલ છે પરંતુ બંને પક્ષકારો પૈકી કામદારની માહિતી બાબતેની વિગત પૂરી પડાયેલ જણાતી નથી. જે અંગે દફતરી તપાસણી આપી સમાધાન કરી શકાય. આમ જાહેર માહિતી અધિકારી તરફથી ઉપરોકત હકીકતમાં જણાવેલ મુદ્દા નં.૧ થી ૨ ,૮ અને ૧૦ ની ઉકત જણાવેલ મુજબની માહિતી અરજદારને પૂરી પાડેલ જણાતી નથી તેમજ માહિતીના ઈન્કાર

અંગે આરટીઆઈ એકટની કલમ–૮,૯ કે ૧૧ હેઠળ અપવાદનું કોઈ કારણ જણાવેલ નથી. જેની અરજદાર તરફથી અપીલ તબકકે રજૂઆત કરવામાં આવેલ છે. મુદ્દા નં.૩ તથા ૪ માં કામદારોના હાજરીપત્રક, વીમા પત્રક બાબતે અને મુદ્દા નં.૫ વ્યવસાયવેરા બાબતે દફતરી ઉપલબ્ધ વિગતો ન હોવાનું જણાવેલ છે. જે અંગે અરજદારે જાહેર માહિતી અધિકારીનો આગોતરો સમય માંગી નિરીક્ષણ કરી દફતરની ખરાઈ કરી શકે છે.

હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા. ૨૯–૬–૧૧ની અરજીથી માંગવામાં આવેલ માહિતી પૈકી મુદ્દા નં.૧ થી ૨ તથા ૮ અને ૧૦ બાબતે ઉપરોકત ફરીયાદ હકીકતમાં જણાવેલ વિગતેની જાહેર માહિતી અધિકારી તરફથી નહીં પૂરી પડાયેલી દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે દિન–૭ માં અત્રેની જાણ હેઠળ પૂરી પાડવા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનને જણાવવામાં આવે છે જયારે મુદ્દા નં.૩ થી ૫ બાબતે રેકર્ડ ઉપર ઉપલબ્ધ નહીં હોવાની વિગતો ધ્યાને લેતાં અરજદાર દિન–૭ માં જાહેર માહિતી અધિકારીનો આગોતરો સમય મેળવી લાગુ કિસ્સામાં આરટીઆઈ એકટની કલમ–૭(૩) સાથે નિયમ–૫ હેઠળ તપાસણી ફી ભરપાઈ કરવાની રીતે ઉપલબ્ધ દફતરની તપાસણી કરવા સ્વતંત્ર છે. અરજદારની તેવી માંગણી થયે દિન–૭ માં હુકમની અમલવારી કરવા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનને જણાવવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૯–૧૧

પ્રતિ,
(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન), .....જાણ તથા અમલ માટે.
(૨) શ્રી ગણેશભાઈ જયકીશન સોલંકી